ફાયનાન્સિયલ એક્સપ્રેસ

ATUL

Publication: Financial Express
Date: 18 Jul y, 2014
Page No: 16
Edition: Ahmedabad (Print & Online)

# પેસેન્જર રિક્ષાના ઉત્પાદન માટે અતુલ ઓટો બાવળામાં નવો પ્લાન્ટ સ્થાપશે

એફઈ બ્યુરો
રાજકોટ, તા.૧૭

ત્રિચક્રી વાહનોના ક્ષેત્રની અગ્રણી ઉત્પાદક કંપની, અતુલ ઓટો લિ. તેના વિસ્તરણના ભાગરૂપે, અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે નવો પ્લાંટ સ્થાપનાર છે. અહીં શહેરોમાં ઉપ યોગમાં લેવા માટેની પેસેન્જર રિક્ષાનું ઉત્પાદન કરવામાં આવશે. રાજકોટ સ્થિત અતુલ ઓટો લિ. ૨૫ વર્ષથી ત્રિચક્રી વાહનોના ઉત્પાદન ક્ષેત્ર સાથે સંકળા યેલી છે. હાલ દેશમાં આ ક્ષેત્રની ચોથા ક્રમની કંપની છે. બજાજ ઓટો અને પીઆ જીઓ તેનાથી આગળ ચાલતી કંપનીઓ છે. અતુલ ઓટો લિ. ના ચેરમેન જયંતીભાઈ ચાંદ્રા અને એમ.ડી. નિરજ ચાંદ્રાએ આપેલી માહિતી અનુસાર, કંપની અતુલ શક્તિ અને અતુલ જેમના નામથી વિવિધ વેરીએન્ટ બજારમાં ધરાવે છે. મુસાફરો અને માલના વહન માટે અતુલ ઓટોના વાહનો સમગ્ર દેશમાં ખ્યાતિપ્રાપ્ત છે. દેશના ૧૭ રાજયોમાં કંપની પોતાનું વેચાણ નેટવર્ક ધરાવે છે. તદુપરાંત બાંગલાદેશ, શ્રીલંકા અને આફ્રિકાના દેશોમાં ત્રિચક્રી વાહનોની નિકાસ કરવામાં આવે છે. પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં કંપનીએ ૧૬૦૦ વાહનોની નિકાસ કરી હતી. આ વાહનો ડિઝલથી ચાલે છે.

કંપનીએ શહેરોમાં ઉપયોગમાં લઈ શકાય તે હેતુસર પેટ્રોલ, સીએનજી અને એલપીજી દ્વારા ચાલતા ત્રિચક્રી વાહનોનું ઉત્પાદન કરવાનું આયોજન ઘડયું છે. આ માટે અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે કંપની નવું ઉત્પાદન યુનિટ સ્થાપશે. બાવળા નજીકના સાણંદ અને ચાણસ્મા, ઓટો ઉદ્યોગ માટેના મહત્વના ઉત્પાદક મથકો બન્યા હોવાથી, તેમજ તૈયાર વાહ નોની હેરફેર માટે અમદાવાદ સાનુકૂળ સ્થળ હોવાથી બાવળા ઉપર કંપનીએ પસંદગી ઊતારી હતી. નવા પ્લાંટમાં રૂા. ૩૦૦ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવશે અને ચાલુ નાણાંકીય વર્ષમાં બાંધકામ શરૂ થશે. રાજકોટનો પ્લાંટ હાલ તેની પૂરી ક્ષમતાથી કાર્યરત છે.

પ્રાદે

ચાંદ્રાએ જણાવ્યું કે કંપની ૨૦ ટકા વિકાસદર હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. વધુમાં, કંપની સંપૂર્ણપણે દેવામુક્ત છે. પોતાના નાણાંકીય સંસાધનોનો આધાર લઈને જ અતુલ ઓટો લિ. વિસ્તરણ સહિતની કામગીરી કરે છે. કંપનીએ પૂરા થયેલા નાણાંકીય વ ર્ષમાં ~૩૭હજાર વાહનોનું વેચાણ કર્યું હતું.